WELSPUN INDIA
HOME TEXTILES

WIL/SEC/2023 May 29, 2023

To

| Bombay Stock Exchange Limited | National Stock Exchange of India Limited |
|---|---|
| Department of Corporate Services,<br>SP. J. Towers, Dalal Street,<br>Mumbai – 400 001<br>**(Scrip Code-514162)** | ListingCompliance Department<br>Exchange Plaza, Bandra-Kurla Complex,<br>Bandra (E), Mumbai – 400 051<br>**(Symbol: WELSPUNIND)** |

Dear Sirs/ Madam,

**Sub: Disclosure under Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.**

With reference to Postal ballot Notice submitted on May 26, 2023, please find enclosed herewith the copies of the advertisements published in the English Daily – 'Financial Express' and Gujarati translation thereof in 'Kutch Mitra' and 'Kutch Uday' on May 27, 2023 with respect to completion of dispatch of Postal Ballot Notice to the shareholders.

The newspaper publications are also available on the website of the Company at the following link:

https://www.welspunindia.com/uploads/investor_data/Newspaper_Advertisement_29_05_2023.pdf

Please take note of the above.

**For Welspun India Limited**

SHASHIKANT BHAUSAHEB THORAT
Digitally signed by SHASHIKANT BHAUSAHEB THORAT
Date: 2023.05.29 14:06:04 +05'30'

**Shashikant Thorat**
**Company Secretary**
**ICSI Membership No. : FCS-6505**

Encl: as above

Welspun India Limited
Welspun House, 6th Floor, Kamala City, Senapati Bapat Marg, Lower Parel (West), Mumbai 400 013, India.
T : +91 22 6613 6000 / 2490 8000 F : +91 22 2490 8020 / 2490 8021
E-mail : companysecretary_wil@welspun.com Website : www.welspunindia.com
Registered Address: Welspun City, Village Versamedi, Taluka Anjar, District Kutch, Gujarat 370 110, India.
T : +91 2836 661 111 F : +91 2836 279 010
Works: Survey No. 76, Village Morai, Vapi, District Valsad, Gujarat 396 191, India.
T : +91 260 2437437 F: +91 260 22437088
Corporate Identity Number: L17110GJ1985PLC033271

## ભુજ સીમમાં વાડી પરથી ૭૫ હજારના વાયરની તસ્કરી

ગાંધીધામ, તા. ૨૬ : ભુજની પાંજરાપોળ સામે નાગોર ફાટક પાસે એસ.આર.પી. કંપની પાછળ આવેલી વાડી પર કોઈ અજાણ્યા ઈસમો ત્રાટકી ૭૫ હજારના વાયરની ચોરી કરી ગયા હતા. ભુજ શહેર બી-ડિવિઝન પોલીસના સત્તાવાર સાધનો પાસેથી મળતી વિગતો મુજબ આજે રાત્રિના ૩થી ૫ વાગ્યા દરમ્યાન આ બનાવ બન્યો હતો. અહીંના મુંદરા રોડ પર પ્રમુખ સ્વામી નગરમાં રહેતા જયેન્દ્ર વિશનજી ભાટિયા (ધમાણી)ની વાડી પર તસ્કરો ત્રાટક્યા હતા. ત્યારબાદ મોટર સાથે લગાડેલા આશરે ૧૭૫ મીટર વાયર કાપી ચોરી કરી લઈ જવાયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કિડાણાના ભૂકંપનગરમાં ધોળા દિવસે બંધ મકાનનાં તાળાં તૂટ્યા

ગાંધીધામ, તા. ૨૬ : તાલુકાના કિડાણામાં આવેલા ભૂકંપનગર વિસ્તારમાં ધોળા દિવસે બંધ ઘરનાં તાળાં તોડી તસ્કરોએ તેમાંથી રૂા. ૧૬,૬૦૦ની મતાનો હાથ માર્યો હતો.

કિડાણાના ભૂકંપનગર વિસ્તારમાં સરકારી શાળાની પાછળ આવેલા એક બંધ મકાનમાં તસ્કરોએ ખાતર પાડ્યું હતું. અહીં રહેતા શ્રમિક ધનુબેન વેલજી માંગલિયા (મહેશ્વરી)એ પોલીસ મથકે ચોરીના આ બનાવ અંગે ફરિયાદ નોંધાવી હતી. ગઈકાલે આ ફરિયાદી અને તેમના પતિ પોતાના ત્રણ સંતાનને લઈને કિડાણા ગયા હતા, જ્યાં ફરિયાદીના માતાના ઘરે આ બાળકોને મૂકી દંપતી પોતાનાં કામે ગયું હતું. સવારે નીકળેલું આ દંપતી ગઈકાલે સાંજે પરત આવતા તેમનાં ઘરનાં તાળાં તૂટેલા જણાયા હતા.

તેમનાં ઘરનાં તાળાં તોડી અંદર ઘૂસેલા તસ્કરોએ કબાટ ખોલી તેમાંથી રોકડ રૂા. ૧૩,૪૦૦ તથા રસોડામાંથી

### દંપતી કામે ગયું અને પાછળથી તસ્કરોએ ૧૭ હજારનો હાથ માર્યો

રાંધણ ગેસનો બાટલો, તેલનો ડબ્બો એમ કુલ રૂા. ૧૬,૬૦૦ની મતાનો હાથ મારી નાસી ગયા હતા. શ્રમિક પરિવારના ઘરમાં ધોળા દિવસે ચોરીના આ બનાવને પગલે ભારે ચકચાર પ્રસરી હતી. આ શહેર અને સંકુલમાં ચોરી, લૂંટ, ચિલઝડપના બનાવો દિવસો દિવસ વધી રહ્યાં છે. બીજી બાજુ પોલીસની શોધનની કામગીરી જોઈએ તેવી થઈ નથી રહી, ત્યારે આવા બનાવો પરથી પડદા ઉચકવા લોકોમાં માંગ ઊઠી હતી.

## પુત્રીનાં લગ્ન અન્વયે હનીટ્રેપ કેસમાં મુંબઇ સ્થિત અગ્રણીને વચગાળાના જામીન

ભુજ, તા. ૨૬ : હનીટ્રેપના અત્યંત ચકચારી અને ૧૦ કરોડની ખંડણી માગવાના આરોપવાળા ફોજદારી કેસમાં મુંબઇથી ધરપકડ કરી લવાયેલા કચ્છ લડાયક મંચના સ્થાપક પ્રમુખ રમેશભાઇ રણછોડદાસ જોશીને તેમની પુત્રીનાં લગ્ન અન્વયે સાત દિવસના વચગાળાના જામીન જિલ્લા અદાલતે આપ્યા હતા.

ધરપકડ બાદ રિમાન્ડની કાર્યવાહી પૂર્ણ થયા પછી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયેલા શ્રી જોશીના પુત્રીનાં લગ્ન હોવાથી તે માટે વચગાળાના જામીન માગવામાં આવ્યા હતા. અત્રેના અધિક સેશન્સ જજ વી.વી. શાહ સમક્ષ આ અંગેની સુનાવણી હાથ ધરાઇ હતી. ન્યાયાધીશે આગામી તા. બીજી સુધીના સાત દિવસના વચગાળાના જામીન મંજૂર કરતો આદેશ કર્યો હતો.

આ સુનાવણીમાં રમેશભાઇ વતી વકીલ તરીકે અત્રેના વરિષ્ઠ ધારાશાસ્ત્રી હેમસિંહ સી. ચૈધરી અને તેમની ટીમ હાજર રહી હતી.

## ગાંધીધામમાં મોટાબાપાનું ઢીમ ઢાળનારા ભત્રીજાની ધરપકડ

ગાંધીધામ, તા. ૨૬ : શહેરના ભારતનગર નજીક ૯-એ વિસ્તારમાં પોતાના મોટાબાપા ભીમજી પ્રજાપતિ (કુંભાર) નામના વૃદ્ધની હત્યા કરનારા ભત્રીજાને પોલીસે પકડી પાડ્યો હતો.

શહેરના ભારતનગર નજીક ૯-એ વિસ્તારની જલારામ સોસાયટીમાં રહેનાર ભીમજીભાઇ નામના વૃદ્ધ ગઇકાલે રાત્રે પોતાના ઘરે હતા ત્યારે આદિપુર કેસરનગર વિસ્તારમાં રહેનાર તેમનો ભત્રીજો વિકાસ મોહન પ્રજાપતિ ત્યાં આવ્યો હતો. વૃદ્ધના નામે પલાંસવા સીમમાં વડીલોપાર્જિત ખેતર આવેલ છે. જે જમીન વાવવા માટે તેમણે પોતાના ભત્રીજા વિકાસને આપી હતી. પરંતુ હમણાં થોડા સમયથી આ જમીન તેને વાવવા ન દેવા વૃદ્ધે જણાવ્યું હતું.

પોતાના મોટાબાપાના ઘરે

### આરોપીને પકડી પાડી પોલીસે છરી, બાઇક, મોબાઇલ કર્યા જપ્ત

આવેલા વિકાસે આ મુદ્દે ડખો કર્યો હતો અને બાદમાં છરી કાઢી પોતાના મોટાબાપાને ઝીંકી દીધી હતી. તેમને ઊંડા ઘા વાગતાં આ વૃદ્ધનું મોત થયું હતું. બનાવ બાદ આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી આરોપી વિકાસ પ્રજાપતિને પકડી પાડ્યો હતો. તેની પાસેથી બનાવમાં વપરાયેલી છરી, બાઇક, મોબાઇલ વગેરે જપ્ત કરવામાં આવ્યા હતા તેવું પોલીસે જણાવ્યું હતું.




મુંદરામાં યોજાયેલા પોલીસના લોકદરબારમાં ઉપસ્થિત અગ્રણીઓ વગેરે. ઇન્સેટમાં પોલીસ અધીક્ષક સૌરભસિંહ તથા અધિકારીઓ. **(તસવીર : વિનોદ મહેતા)**

## મુંદરા વિસ્તારમાં રેતી તો રહી જ નથી, હવે માટીયે ઉપડે છે : લોકદરબારમાં રજૂઆત

મુંદરા, તા. ૨૬ : પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષક સૌરભ સિંઘના અધ્યક્ષ સ્થાને અત્રેના પોલીસ મથકે લોકદરબાર યોજાયો હતો. લોકોની ફરિયાદો સાંભળીને તેનું નિરાકરણ લાવવા પ્રયત્નોની ખાતરી અપાઇ હતી.

પ્રારંભમાં પી.આઇ. હાર્દિક ત્રિવેદીએ આવકાર આપતા ગત લોકદરબારમાં થયેલી ફરિયાદોના નિરાકરણ અંગે વિગત આપી હતી.

ખાસ કરીને ખાણ-ખનિજ ચોરી વિશે ઉપસ્થિત લોકોએ જણાવ્યું હતું કે, રેતી તો હવે છે જ નહીં, હવે માટી ઉપાડાય છે.

પોલીસ સ્ટેશનમાં મહેકમનો પ્રશ્ન તથા દારૂ પર નિયંત્રણ, ટુંડામાં ચોરીના બનાવો, ટ્રાફિકના પ્રશ્નો, આંબેડકર સર્કલ પાસે ગેટ બનાવવાના કારણે

### એસ.પી. દ્વારા શક્ય એટલા મુદ્દા ઉકેલવા માટે ખાતરી

ટ્રાફિક થાય છે, જેવા અનેક પ્રશ્નોની રજૂઆત સલીમભાઇ જત, દિલીપભાઇ ગોર, કપિલભાઇ કેસરિયા, જાવેદ પઠાણ, મગનભાઇ ધુઆ, મયૂર બળિયા, કાનજી સોધરા, જિતેન્દ્ર સોધરા સહિતનાઓએ કરી હતી.

પ્રત્યુત્તરમાં શ્રી સિંઘે જણાવ્યું હતું કે, લોકદરબાર સિવાય પણ કોઇ પણ પ્રશ્ન હોય તો જણાવજો. શક્ય એટલા કાયદામાં આવતા તમામ પ્રશ્નોનું નિરાકરણ કરાશે તેવો વિશ્વાસ તેમણે અપાવ્યો હતો.

પ્રણવ જોષી, ભરત પાતારિયા, કરણ મહેતા, લાલુભા પરમાર, કુલદીપસિંહ જાડેજા, દિલીપ આહીર, મોટા કપાયાના સરપંચ નવલસિંહ પઢિયાર, હાજી મામદ કુંભાર, લક્ષ્મણ ગઢવી, કનૈયા ગઢવી, સંજય સોની, રહીમ ખત્રી, તિલક દેસાઇ, અતુલ પંડ્યા, કનુભા વાઘેલા, કેતન સોની સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મીઠુભાઇ મહેશ્વરી તથા મયૂર બળિયાએ સૌરભ સિંઘનું સન્માન કર્યું હતું.

## પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે રૂા. ૧૯.૬૬ લાખ પરત અપાવ્યા

ગાંધીધામ, તા. ૨૬ : પૂર્વ કચ્છ સાયબર ક્રાઈમ પોલીસે ઓનલાઈન છેતરપિંડીના કિસ્સામાં રૂા. ૧૯.૬૬ લાખ પરત અપાવ્યા હતા. આદિપુરના ચિરાગભાઈ જગદીશભાઈ અગ્રવાલે ફેસબુક્નાં માધ્યમથી સંપર્કમાં આવેલા મહેન્દ્રભાઈ પાસેથી મિકસ હાઈડ્રોકાર્બન ઓઈલ ખરીદવા માટે તૈયારી દર્શાવી હતી. ત્યારબાદ ગત તા. ૨૮/૪ના ફરિયાદીએ મુંદરા સી.એફ.એસ. કંપનીમાં ઓઈલ ભરવા માટે ગાડી મોકલી હતી. અહીં ઓઈલ ભરાયા બાદ આરોપીએ વજનકાંટાની સ્લીપ મોકલતાં ફરિયાદી બેન્ક ખાતામાં નક્કી કરેલી રકમ મહેન્દ્રના ખાતામાં જમા કરાવી હતી. એકમમાંથી ઓઈલ ભરેલી ગાડી બહાર લઈ જવા માટે કંપનીએ આ વાહન રોકાવ્યુ હતું. તપાસ કરતાં પૈસા ન મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું. દરમ્યાન નાણા સ્વીકારનાર આરોપીનો સંપર્ક શક્ય બન્યો ન હતો. આ પ્રકરણમાં પોલીસે ગયેલી સંપૂર્ણ રકમ પરત અપાવી સફળતા હાંસલ કરી હતી.

## બાડા ગામનો છાત્ર ગૂગલ પાયથોન કોર્સમાં ઝળક્યો



માંડવી, તા. ૨૬ : મૂળ બાડાના હાલે અમદાવાદ રહેતા હેતાંશ પ્રતીકભાઇ હરિયાએ માત્ર નવ વર્ષની ઊંમરમાં ગૂગલ પાયથોન કોર્સમાં ૮૮.૭૫ ટકા-માર્કસ મેળવીને બાડા ગામ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ચાર મોડ્યુલની પરીક્ષા ૫૦ મિનિટ ચાલી હતી અને તેના પ્રશ્નો ગૂગલમાંથી સીધા આવ્યા હતા. પાયથોન એવો પ્રોગ્રામ છે, જેનો ઉપયોગ નાનામાં નાની ગેમ ડેવલપ કરવામાં થાય છે. હેતાંશ હરિયાના દાદા અનિલભાઇ રામજી હરિયા ગામના શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે. તપગચ્છ જૈન સંઘના વિરલ વાડીલાલ શાહ અને દિનેશ શાહે જણાવ્યું હતું.

## દેઢિયામાં કિશોરીએ ગળેફાંસો ખાઇ જિંદગીનો અંત આણ્યો

ગાંધીધામ, તા. ૨૬ : માંડવી તાલુકાના દેઢિયા ગામમાં અગમ્ય કારણોસર મીનાબેન સુમારભાઈ કન્નર (મહેશ્વરી)એ ગળેફાંસો ખાઈ જિંદગીનો અંત આણ્યો હતો.૧૭ વર્ષીય કિશોરી મીનાબેને ગઈકાલે ૧૫.૧૫ વાગ્યાના અરસામાં પોતાના ઘરે પંખામાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાધો હતો. ત્યારબાદ તેમને માંડવીના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે લવાતાં ફરજ ઉપરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.કિશોરીએ ક્યા કારણોસર આવું અંતિમ પગલું ભરી લીધું હશે તેનું કારણ જાણવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અબડાસામાં બે દિવસથી ભારત સંચાર નિગમની સેવા સદંતર ઠપ

નલિયા, તા. ૨૬ : છેવાડાના એવા અબડાસામાં છેલ્લા બે દિવસથી ભારત સંચાર નિગમની સેવા સદંતર ઠપ થઇ જતાં બી.એસ.એન.એલ.ના ગ્રાહકોમાં ભારે નારાજગી વ્યાપી છે. નેટ સેવા પણ બંધ થઇ જતાં મોંઘા ઉપકરણો સદંતર મૂંગા બની ગયા છે, જેના કારણે નેટને લગતી સેવાઓ બંધ થઇ જતાં લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

અબડાસાના અમુક અંતરિયાળ વિસ્તારોમાં જ્યાં ખાનગી કંપનીના મોબાઇલ ટાવર નથી પહોંચ્યા ત્યાં આ બી.એસ.એન.એલ.ની મોબાઇલસેવા તેમજ નેટ સેવા આવા દુર્ગમ વિસ્તાર માટે એક્માત્ર સહારા સમાન છે. તેમાંય છેલ્લા બે દિવસથી આ સેવાની સાથે નેટ પણ બંધ થઇ જતાં વ્હોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામના રસિયાઓ ભારે મૂંઝાયા છે. એ ઉપરાંત આ નેટ સંબંધિત કેટલીક જરૂરી સેવાઓ પણ બંધ થઇ જતાં લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. ભારત સંચારની લેન્ડ લાઇન સેવા તો હવે અબડાસામાં નામશેષ થવાના આરે છે, ત્યારે આ એક મોબાઇલસેવા જ અંતરિયાળ વિસ્તારના લોકો માટે તાકીદના સમયે એક હાથવગો ઓજાર છે, પરંતુ મોબાઇલસેવા પણ ધીરે ધીરે લંગડાતી ચાલે ચાલતાં લોકોમાં ભારે નારાજગી ફેલાઇ છે. આમ પણ જ્યારે આ નેટવર્ક ચાલુ હોય

### નેટ સહિતની સેવા બંધ થતાં ગ્રાહકોને હાલાકી : મોંઘા ઉપકરણો મૂંગામંતર

છે ત્યારે પણ મોબાઇલ સેટમાં ફોર-જીનું સિમ્બોલ બતાવે, પરંતુ નેટવર્ક અર્થાત વ્હોટ્સએપ તો ચાલે જ નહીં. ક્યારેક ભૂલેચૂકે ફોન લાગે અથવા કોઇનો એકાદ ફોન આવી જાય. આવી પરિસ્થિતિના કારણે અબડાસાના મોટાભાગના અથવા તો એમ કહીએ કે ૮૦થી ૯૦ ટકા ગ્રાહકો ખાનગી મોબાઇલ કંપનીઓ તરફ ઢળી ગયા છે, પરંતુ હજી કેટલાક સ્થળ એવા છે કે, જ્યાં તેમને બી.એસ.એન.એલ. સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી. એવા લોકોએ જ માત્ર બી.એસ.એન.એલ.ના કાર્ડ રાખ્યા છે એવું કહીએ તો અતિશયોક્તિ નથી. નલિયાની એક્માત્ર ભારત સંચાર નિગમની કચેરીમાં કોઇ ફરિયાદ સાંભળવાવાળું પણ નથી, તો આવી પરિસ્થિતિમાં લોકોનો ‘જાએ તો જાએ કહાં’ જેવો તાલ સર્જાયો છે. આથી આ સરકારી મોબાઇલની સેવા સત્વરે સુધારવામાં આવે તેવી લોકોએ માગણી કરી છે.

## ભુજ-હૈદરાબાદ વાયા મહારાષ્ટ્રની નવી ટ્રેન શરૂ કરવા રેલ મંત્રી સમક્ષ સાંસદની રજૂઆત

ભુજ, તા. ૨૬ : કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ કેન્દ્રીય રેલવેમંત્રી સમક્ષ કચ્છના લોકો માટે હૈદરાબાદ-ભુજ વાયા નિઝામાબાદ, નાંદેડ, અકોલા અથવા નંડેન-પુણેની નવી ટ્રેન શરૂ કરવા માટે રજૂઆત કરી છે.

વિનોદભાઇએ એક પત્રમાં આ ટ્રેન શરૂ કરવાનું કારણ જણાવતાં કહ્યું હતું કે, કચ્છના લોકોનો મોટો વર્ગ ધંધા-વ્યવસાયના હેતુથી હૈદરાબાદ-નિઝામાબાદ અને મહારાષ્ટ્રમાં સ્થાયી થયો છે. એ પૈકી ઘણા લોકો વારંવાર વતન આવતા હોય છે, જેને લઇને નવી ટ્રેન ફાળવાય તેવી માગણી કચ્છના લોકો તેમજ અમુક સામાજિક સંસ્થાઓએ કરી છે.

## અંતરજાળમાં મકાનમાંથી ૧૪ હજારનો શરાબ કબજે

ગાંધીધામ, તા. ૨૬ : તાલુકાના અંતરજાળના મકાનમાંથી પોલીસે રૂા. ૧૪,૩૫૦ના શરાબ સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો. રવેચીનગરમાં આરોપી જગદીશ આહીરના કબજાનાં મકાનમાંથી દારૂનો જથ્થો હોવાની પૂર્વ બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. દરમ્યાન આ સ્થળે ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૪૧ બોટલ અંકે કરાઈ હતી. આ કાર્યવાહીમાં આરોપી જગદીશભાઈ જેસંગભાઈ આહીરની ધરપકડ થઈ હતી. આ પ્રકરણમાં અન્ય કોઈ આરોપી સામેલ છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ આરંભી છે.

કચ્છમિત્ર APPOINTMENTS

DESIRE આંગન OF KUTCH
REQUIRED FOR BHUJ
ACCOUNTANT - 2 M/F
OFFICE ASSISTANT - 2 M/F
(FULL TIME)
Mail Your CV on:
info@aanganofkutch.co.in
M.90990 16607
M.97249 36034

જોઇએ છે-ગાંધીધામ માટે
સેલ્સમેન
હોટેલ-રેસ્ટોરેન્ટ માં માર્કેટીંગના અનુભવી, આકર્ષક પગાર +પેટ્રોલ
પોતાનું વાહન હોવું જરૂરી
ગોયલ એજન્સીઝ
ગાંધીધામ મો. 9825490240

Chanakya Vidhayapeeth
(English Medium Commerce College, Bhuj)
Applications are invited for Asst. Professor for
Commerce theories
Accounts
Tally instructor
Whatsapp your resume on: 70696 50504

શ્રી ઢેબર સર્વ સેવા વિકાસ મંડળ - અંજાર સંચાલિત
શૈક્ષણિક સંકુલ શિક્ષકો જોઈએ છે

| ક્રમ | વિષય | લાયકાત | ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | M.A.B.Ed. | ૩ | સંગીત | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ માટે |
| ૨ | હિન્દી | M.A.B.Ed. | ૪ | ગણિત/વિજ્ઞાન | B.Sc.B.Ed. |
| ૩ | કોમ્પ્યુટર | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ માટે | ૫ | સાફસફાઈ માટે બહેનો | શાળા તથા છાત્રાલય સફાઈ માટે |

જુન'૨૦૨૩ થી જોડાઇ શકે તેવા રસ ધરાવતા ઉમેદવારોએ કાર્યાલનો રૂબરૂ સંપર્ક કરવો.
કાર્યાલય : જી.ઇ.બી. પાવર હાઉસની બાજુમાં, અંજાર-ભુજ હાઇવે, અંજાર (કચ્છ)
સંપર્ક : 9512243587

જોઈએ છે મહિલા શિક્ષિકા
શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર
ઉમાનગર, મિરજાપર રોડ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦૦૦૧.

| ક્રમ | વિષય | લાયકાત | માધ્યમ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | B.A./M.A. B.Ed. | ----- |
| ૨ | અંગ્રેજી | B.A./M.A. B.Ed. | ----- |
| ૩ | સામાજિક વિજ્ઞાન | B.A./M.A. B.Ed. | અંગ્રેજી |

E-mail : sskvmandir@yahoo.co.in, MOB : 98251 25489
(જાહેરાત પ્રસિદ્ધ થયે દિન સાતમાં ટપાલ દ્વારા રૂબરૂ અથવા ઈ-મેઈલ પર અરજી મોકલવી)

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.-માંડવી
PGVCL
વીજપુરવઠો બંધ રહેવાની નોટિસ

આથી અમારા માનવંતા વીજગ્રાહકોને જણાવવાનું કે, નીચે મુજબના વીજ ફીડરનું સમારકામ કરવાનું હોવાથી તથા આ વીજ ફીડરને ક્રોસિંગ થતા ફીડરો નીચેની તારીખના રોજ ફીડરમાં વીજપુરવઠો ૭.૦૦થી ૧૪.૦૦ સમય સુધી બંધ રહેશે.

| ક્રમ નં. | તારીખ | એસ.એસ.નું નામ | ફીડરનું નામ |
|---|---|---|---|
| ૧ | ૨૮-૦૫-૨૦૨૩ | ભુજપુર એસ.એસ. | ૧૧ કેવી નાના કપાયા જેજીવાય |
| | | | ૧૧ કેવી ખારાગોગા એજી |

કામ પૂર્ણ થયે અન્ય કોઈ પણ જાતની સૂચના આપ્યા વગર વીજપુરવઠો પુન: ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., માંડવી ડીઓ

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

ઈ-હરાજી આમંત્રીત કરતી નોટીસ - બલ્ક એડવર્ટાઈઝીંગ અને પાર્કિંગ કોન્ટ્રાક્ટની ઈ-હરાજી

| ક્ર. સં. | લોટ નં./કેટેગરી | વિગતો | ઈ-હરાજી તારીખ અને સમય | કોન્ટ્રાક્ટનો સમયગાળો |
|---|---|---|---|---|
| AA/1 | ADVT-ADI-AI-OH-55-22-1 (જાહેરાત - ઘરની બહાર) | આદિપુર રેલવે સ્ટેશન આસપાસના વિસ્તારમાં કુલ 400 ચો.ફીટ વિસ્તાર આવરી લેતાં હોર્ડીંગ્સના ડિસ્પ્લે માટેનો બલ્ક એડવર્ટાઈઝીંગ કોન્ટ્રાક્ટ આપવા માટેનો કોન્ટ્રાક્ટ | 05-06-23 ના 11.30 થી 12.00 સુધી | 05 વર્ષ |
| AA/2 | ADVT-ADI-VONB-OH-102-22-1 (જાહેરાત - ઘરની બહાર) | સામખ્યાળી-ગાંધીધામ (એસઆઈઓબી-જીઆઈએમ) સેક્શન પર, સામખ્યાળી-વોંધ (એસઆઈઓબી-વીઓએનબી) સ્ટેશન વચ્ચે ગુજરાતના કચ્છ જીલ્લાના ગાંધીધામ પાસે વોંધ રેલવે સ્ટેશનથી કિ.મી. 749.810 થી શરૂ કરીને લેવલ ક્રોસીંગ નં.202, કિ.મી. 748/4-5 સુધી રેલવે ટ્રેક અને નેશનલ હાઈવે 41 ને જોડાયેલી રેલવેની જમીન ઉપર કુલ 1000 ચો.ફીટ વિસ્તાર સહિતના હોર્ડીંગ્સ દ્વારા એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનો કોન્ટ્રાક્ટ | 05-06-23 ના 11.30 થી 12.10 સુધી | 05 વર્ષ |
| AA/3 | ADVT-ADI-PNU-OH-108-23-1 (જાહેરાત - ઘરની બહાર) | પાલનપુર-સામખ્યાળી (પીએનયુ-એસઆઈઓબી) સેક્શન ઉપર, પાલનપુર-ચંડીસર (પીએનયુ-સીડીએસ) સ્ટેશન વચ્ચે લેવલ ક્રોસીંગ નં. 2, કિ.મી. 1/5-6 પાસે રેલવે ટ્રેકને જોડાયેલ રેલવેની જમીન ઉપર કુલ 600 ચો.ફીટ વિસ્તાર સહિતના હોર્ડીંગ્સ દ્વારા એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનો કોન્ટ્રાક્ટ. | 05-06-23 ના 11.30 થી 12.20 સુધી | 05 વર્ષ |
| AA/4 | ADVT-ADI-VONB-OH-97-22-1 (જાહેરાત - ઘરની બહાર) | સામખ્યાળી-ગાંધીધામ (એસઆઈઓબી-જીઆઈએમ) સેક્શન પર, વોંધ-ભચાઉ (વીઓએનબી-બીસીઓબી) સ્ટેશન વચ્ચે વોંધ ગામ થી વોંધ સ્ટેશન સુધી કી.મી. 749.810 ખાતે (ગુજરાતના કચ્છ જીલ્લાના ગાંધીધામ પાસે વોંધ ગામ થી - વોંધ રેલવે સ્ટેશન સુધી) લેવલ ક્રોસીંગ નં. 205, (હોટલ સરોવર) કિ.મી. 753/6-7 થી શરૂ કરીને રેલવે ટ્રેક અને નેશનલ હાઈવે 41 ને જોડાયેલી રેલવેની જમીન ઉપર કુલ 1000 ચો.ફીટ વિસ્તાર સહિતના હોર્ડીંગ્સ દ્વારા એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનો કોન્ટ્રાક્ટ | 05-06-23 ના 11.30 થી 12.30 સુધી | 05 વર્ષ |
| AA/5 | ADVT-ADI-ABD-OH-94-22-1 (જાહેરાત - ઘરની બહાર) | અમદાવાદ ડિવિઝનના આંબલી રોડ અને સાણંદ રેલવે સ્ટેશન વચ્ચે અમદાવાદ-વિરમગામ સેક્શન ઉપર એલસી નં. 15, અમદાવાદ-વિરમગામ (એડીઆઈ-વીજી) સેક્શન ઉપર આંબલી રોડ - સાણંદ (એબીડી-એસએયુ) સ્ટેશન વચ્ચે કિ.મી. 516/1-2 ખાતે લેવલ ક્રોસીંગ નં. 15 ના સ્થળે કુલ 450 ચો.ફીટ ડિસ્પ્લે વિસ્તાર સહિત નોન ડિજીટલ એડવર્ટાઈઝીંગ હોર્ડીંગ્સ/ગેન્ટ્રી/બોર્ડ્સ (લિટ-નોન લિટ) માટે કોન્ટ્રાક્ટ | 05-06-23 ના 11.30 થી 12.40 સુધી | 05 વર્ષ |
| AA/6 | ADVT-ADI-VCN-OH-95-22-1 (જાહેરાત - ઘરની બહાર) | વિરોચનનગર (વિરોચનનગરની આસપાસના વિસ્તાર સહિત) થી છારોડી રેલવે સ્ટેશન (છારોડી રેલવે સ્ટેશન સિવાય) સુધી રેલવે ટ્રેક અને સ્ટેટ હાઈવે (અમદાવાદ-વિરમગામ) થી જોડાયેલી રેલવે જમીન. કુલ 1000 ચો.ફીટ ડિસ્પ્લે વિસ્તાર સહિતના હોર્ડીંગ્સના ડિસ્પ્લે માટેના બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવા માટેનો કોન્ટ્રાક્ટ. | 05-06-23 ના 11.30 થી 12.50 સુધી | 05 વર્ષ |
| AA/7 | ADVT-ADI-PNU-OH-107-23-1 (જાહેરાત - ઘરની બહાર) | પાલનપુર-સામખ્યાળી (પીએનયુ-એસઆઈઓબી) સેક્શન ઉપર, પાલનપુર-ચંડીસર (પીએનયુ-સીડીએસ) સ્ટેશન વચ્ચે લેવલ ક્રોસીંગ નં. 3, કિ.મી. 2/5-6 પાસે રેલવે ટ્રેકને જોડાયેલ રેલવેની જમીન ઉપર કુલ 600 ચો.ફીટ વિસ્તાર સહિતના હોર્ડીંગ્સ દ્વારા એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટે બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાનો કોન્ટ્રાક્ટ. | 05-06-23 ના 11.30 થી 13.00 સુધી | 05 વર્ષ |
| AA/8 | ADVT-ADI-CHIB-OH-100-22-1 (જાહેરાત - ઘરની બહાર) | સામખ્યાળી-ગાંધીધામ (એસઆઈઓબી-જીઆઈએમ) સેક્શન ઉપર, ભચાઉ-ચીરાઈ (બીસીઓબી-સીએચઆઈબી) સ્ટેશન વચ્ચે રેલવે કિ.મી. 772/8-9 ખાતે એલસી-217 ને બદલે રેલવે ઓવર બ્રિજથી શરૂ કરીને ચીરાઈ-ભીમાસર (સીએચઆઈબી-બીએમએસઆર) વચ્ચે રેલવે કિ.મી. 765/8-9 ખાતે એલસી-213 ને બદલે રેલવે ઓવર બ્રિજ સુધી (ગુજરાતના કચ્છ જીલ્લાના ગાંધીધામ પાસે ચીરાઈ મોટી - ચોપાડવા) ખાતેના સ્થળે કુલ 2000 ચો.ફીટ ડિસ્પ્લે વિસ્તાર સહિતના હોર્ડીંગ્સ દ્વારા એડવર્ટાઈઝમેન્ટના ડિસ્પ્લે માટેના બલ્ક એડવર્ટાઈઝમેન્ટ કોન્ટ્રાક્ટ આપવા માટેનો કોન્ટ્રાક્ટ. | 05-06-23 ના 11.30 થી 13.10 સુધી | 05 વર્ષ |
| AA/9 | ADVT-ADI-BLDI-OH-70-22-2 (જાહેરાત - ઘરની બહાર) | ભીલડી સ્ટેશન આસપાસના વિસ્તારમાં કુલ 400 ચો.ફીટ વિસ્તાર આવરી લેતાં હોર્ડીંગ્સના ડિસ્પ્લે માટેનો બલ્ક એડવર્ટાઈઝીંગ કોન્ટ્રાક્ટ આપવા માટેનો કોન્ટ્રાક્ટ | 05-06-23 ના 11.30 થી 13.20 સુધી | 05 વર્ષ |
| AA/1 | PARKING-ADI-BMSB-MX-34-23-1 (પાર્કિંગ - મિક્સ) | ભીમાસર રેલવે સ્ટેશન પાસે ચીરાઈ છેડે લાઈન નં. 1 થી આગળ રેલવેની જમીન ઉપર પાર્કિંગ સહ માલભાડાને સંકળાયેલી સેવાઓના વિકાસ માટે કોન્ટ્રાક્ટ છે. | 05-06-23 ના 12.00 થી 12.30 સુધી | 05 વર્ષ |
| AA/2 | PARKING-ADI-AJE-MX-33-23-1 (પાર્કિંગ - મિક્સ) | અંજાર રેલવે સ્ટેશન ખાતે લાઈન નં. 3 પાસે કોમર્શિયલ વાહનોના પાર્કિંગ સહ માલભાડાને સંકળાયેલી સેવાઓના વિકાસ માટે કોન્ટ્રાક્ટ છે. | 05-06-23 ના 12.00 થી 12.40 સુધી | 05 વર્ષ |

44

हमें लाइक करें: facebook.com/WesternRly • हमें फॉलो करें: twitter.com/WesternRly

મકાન ભાડાની જાહેરાત

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી, ભુજ-કચ્છ હસ્તકની આદર્શ નિવાસી શાળા (કુમાર) દયાપર-કચ્છ માટે અંદાજિત ૬૦૦૦થી ૭૦૦૦ ચો. ફૂટ (જેમાં ૧૬૦ કુમાર છાત્રોનો સમાવેશ રહેવા તથા અભ્યાસ માટે શાળા, ભોજનાલય તથા ઓફિસ માટે અંદાજિત ૨૦થી ૨૫ ઓરડા તથા ૧ મોટો હોલ)નું બાંધકામવાળું મકાન ભાડેથી જોઈએ છે. મકાન માલિક કે સંસ્થા જેમને પોતાનું સ્વતંત્ર વ્યક્તિગત માલિકીનું મકાન હોય જેઓ પાસે ભાડે આપવાના મકાનના દસ્તાવેજ /ઈન્ડેક્ષ, બાંધકામની સક્ષમ અધિકારીશ્રી દ્વારા અપાયેલ રજા ચિઠ્ઠી, મંજુર થયેલ પ્લાન, ટાઈટલ ક્લીયરના સર્ટિફિકેટ, નગરપાલિકામાં ભરાયેલ વેરાની પહોંચ, છેલ્લા ભરાયેલ લાઈટ બિલ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડની નકલ તથા અપેક્ષિત માસિક મકાન ભાડા રકમ સાથે ઉક્ત તમામ આધારો સાથે અરજીઓ નિયત નમુનામાં મંગાવવામાં આવે છે, આ અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં રજિસ્ટર પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે મોકલવાની રહેશે.

નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બહુમાળી ભવન, રૂમ નં. ૧૦૪/૧૦૫, (ભોંયતળિયે), ભુજ-કચ્છ.
ફોન : (૦૨૮૩૨) ૨૨૦૬૨૧, મોબાઈલ નં. ૯૬૬૨૨૩૬૦૯૧

ઉપરના સરનામે બંધ કવરમાં મોકલવાની રહેશે. જેમાં ‘‘મકાન ભાડાની અરજી’’ એમ સ્પષ્ટપણે ઉલ્લેખ કરવાનો રહેશે. તેમજ જરૂરી આધારો વગરની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. (અરજી ફોર્મ અત્રેની કચેરીથી રૂા. ૧૦૦/- નું ચલણ ભરી મેળવી લેવું)

નોંધ : ઉપરોક્ત ભાડે આપવા માટેના મકાનમાં ફાયર સેફ્ટીના પુરતા સાધનો જેની N.O.C. મકાન માલિકે સંબંધિત અધિકારીશ્રી પાસેથી મેળવી આપવાની રહેશે.

(નામાનિ-કચ્છ-૨૦૮-૨૦૨૩/૨૪) નાયબ નિયામક, અનુ. જાતિ કલ્યાણ, ભુજ-કચ્છ.

WELSPUN INDIA HOME TEXTILES
વેલસ્પન ઇન્ડિયા લિમિટેડ
(કોર્પોરેટ આઇડેન્ટીટી નંબર L17110GJ1985PLC033271)
રજી. કચેરી: વેલસ્પન સિટી, ગામ વરસામેડી, તા.અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦૧૧૦.
ટેલિ.:+૯૧ ૨૮૩૬ ૬૬૧૧૧૧, ફેક્સ: +૯૧ ૨૮૩૬ ૨૭૯૦૧૦ કોર્પો. કચેરી: વેલસ્પન હાઉસ, ૬ઠ્ઠો માળ, કમલા સિટી, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઇ, મહારાષ્ટ્ર-૪૦૦૦૧૩.
ટેલિ.+૯૧ ૨૨ ૬૬૧૩૬૦૦૦, ફેક્સ:+૯૧ ૨૨ ૨૪૯૦૮૦૨૧
ઇમેઇલ : companysecretary_wil@welspun.com., વેબ : www.welspunindia.com

પોસ્ટલ બેલેટ નોટિસ

આથી આ નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે કંપની ધારો, ૨૦૧૩ની કલમ ૧૧૦ તથા કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમ, ૨૦૧૪ના નિયમ ૨૦ અને ૨૨ વંચાણે લઇ તેમજ સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ) નિયમો, ૨૦૧૫ ‘‘લિસ્ટીંગ રેગ્યુલેશન’’) અને અન્ય લાગુ પડતા કાયદા અને નિયમો (કાયદેસર સુધારણા કે રી-ઇનેક્ટમેન્ટ)નાં વખતો વખત પ્રવર્તમાન)ની જોગવાઇ અન્વયે વેલસ્પન ઇન્ડિયા લિમિટેડ (‘‘ધી કંપની’’)ના સભ્યોને જાણ કરવામાં આવે છે કે ૨૫ મે, ૨૦૧૩ની નોટિસમાં દર્શાવેલ કાર્યવાહી માટે ખાસ ઠરાવ અનુસાર કંપનીએ પોસ્ટલ બેલેટ/ઇલેક્ટ્રોનિક વોટીંગ (‘‘ઇ-વોટીંગ’’) મારફત સભ્યોની મંજૂરી/ માન્યતાની જરૂર જણાય છે.

(૧) કંપનીએ તમામ સભ્યોને વિગતવાર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ ૨૬ મે, ૨૦૨૩ના રોજ કંપની રજીસ્ટરમાં નોંધાયેલ સરનામે ડિપોઝીટરી એટલે કે નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડ (‘‘એનએસડીએલ’’) તથા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઇન્ડિયા) લિમિટેડ (‘‘સીડીએસએલ’’) પાસેથી ૧૯ મે, ૨૦૨૩નાં રોજ ઉપલબ્ધ ઇમેઇલ સરનામે કંપની ધારો, ૨૦૧૩ની જોગવાઇ તથા સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૨ તા. ૮ એપ્રિલ, ૨૦૨૦ નં. ૧૭/૨૦૨૦ તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, નં.૨૨/૨૦૨૦ તા. ૧૫ જૂન, ૨૦૨૦, નં.૩૩/૨૦૨૦ તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, નં.૩૯/૨૦૨૦ તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, સામાન્ય પરિપત્ર નં.૧૦/૨૦૨૧ તા.૨૩ જૂન, ૨૦૨૧ અને નં. ૨૦/૨૦૨૧ તા.૮ ડિસેમ્બર, ૨૦૨૧, પરિપત્ર નં.૨૧/૨૦૨૧ તા.૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, પરિપત્ર નં.૨/૨૦૨૨ તા.૫ મે, ૨૦૨૨ અને નં.૧૦/૨૦૨૨ તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ના કોર્પોરેટ મંત્રાલયના આદેશ અનુસાર ઇ-મેઇલ મારફત રવાના કરવામાં આવેલ છે.
(૨) ઇ-વોટીંગ ૨૭ મે, ૨૦૨૩ને શનિવારે સવારે ૯.૦૦ કલાકે શરૂ થશે.
(૩) ઇ-વોટીંગ ૨૫ જૂન, ૨૦૨૩ને રવિવારે સાંજે ૫.૦૦ કલાકે બંધ થશે ત્યાર બાદ ઇ-વોટીંગ કરી શકાશે નહીં.
(૪) કંપનીના સામાન્ય પરિપત્ર અનુસાર સભ્યોને ઇલેક્ટ્રોનિક રાહે પોતાનો મતદાનનો હક્ક પોસ્ટલ બેલેટ પત્રકના વિકલ્પમાં એનએસડીએલની મદદથી પૂરી પાડવામાં આવેલ છે.
(૫) મજકુર પોસ્ટલ બેલેટ નોટિસમાં ઇ-વોટીંગ પ્રક્રિયાની સઘળી વિગતો દર્શાવેલ છે, તેમ છતાં તેમાં કોઇપણ મુશ્કેલી જણાય તો ફ્રિકવન્ટલી આસ્ક કવેશ્ચન (એફએક્યુ) તથા શેરધારકો માટેનાં ઇ-વોટીંગ મેન્યુઅલ https: www.evoting.nsdl.com કે evoting@nsdl.co.in ઉપર ઇ-મેઇલ કે ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૯૯ ૭૦૦૦ને કોલ કરી શકાશે.
(૬) ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા મતદાનને લગતી કોઇપણ મુશ્કેલી માટે evoting@nsdl.co.in, (NSDL), નેશનલ સિક્યોરિટી ડિપોઝીટરી લિમિટેડ, એ-વિંગ, ૪થો માળ, ટ્રેડ હાઉસ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૧૩ને સંબોધીને કે ૦૨૨-૪૮૮૬ ૭૦૦૦ અને ૦૨૨-૨૪૮૯ ૭૦૦૦નો સંપર્ક સાધી શકાશે.
(૭) સવિસ્તર અહેવાલ સાથેની પોસ્ટલ બેલેટ નોટિસ કંપનીની વેબસાઇટ https://www.welspunindia.com./uploads/investor_data/investorreport-853.pdf તથા એનએસડીએલની વેબસાઇટ: https://www.evoting.nsdl.com/ તથા બીએસઇ લિમિટેડની વેબસાઇટ https://www.bseindia.com/ તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ https://www.nseindia.com/ ઉપર પ્રકાશિત કરવામાં આવેલ છે.
(૮) સદરહુ પોસ્ટલ બેલેટની પ્રક્રિયાનું સુચારૂ સ્વરૂપે સંચાલન કરવા માટે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા શ્રી સુનિલ ઝોરે, માલિક-મે. એસપીઝેડ એસોસિએટસ, પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરીની સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂક કરી છે.
(૯) પોસ્ટલ બેલેટ દ્વારા થયેલ મતદાનનું પરિણામ ૨૬ જૂન, ૨૦૨૩ને સોમવારે કંપનીની કોર્પોરેટ કચેરી ખાતે ચેરમેન કે તેની અવેજીમાં ડિરેક્ટર અથવા કંપની સેક્રેટરી દ્વારા જાહેર કરવામાં આવશે. ઉપરાંત કંપનીની વેબસાઇટ www.welspunindia.com, બીએસઇ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડને મોકલવામાં આવશે, જેની લાગતાવળગતાઓએ નોંધ લેવી.

સહી/-
શશિકાંત થોરાટ
કંપની સેક્રેટરી
FCS-6505

તારીખ: ૨૬ મે, ૨૦૨૩
સ્થળ: મુંબઇ

